# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૮૨૫૧

## સલામી સવારની..

જોયા-જાણ્યા વિનાનાં એ નિવેદનો આપે છે
ચાંપે જામગ્રી, સ્થાપે અશાંતિ સૌ સંતાપે છે
આલાપે નીચલી કારીના ઉતરતા સૂર -
બૂખાધારી નેતાઓ એકમેકને કાપે છે
(દાંભિક રાજકારણ)

## હાઈકુ

સત્તા સીમાડે
શેરી શ્વાનની જેમ
ભસે નેતાઓ..

બૌદ્ધિક સ્તર
હવે રાજકારણે -
ગયું પાતાળે..

## ચિંતન

**ઉદ્ભાસિતા ખિલ ખલસ્ય વિશૃંગ ખલસ્ય પ્રાગ્જાત વિસ્પૃત નિજાધમ કર્મવૃત્તેઃ ।**
**દૈવાદવાપ્ત વિભવસ્ય ગુણદ્વિષોઅસ્ય નીચસ્ય ગોચરગતૈઃ સુખ માસ્યતે કૈઃ ॥**

બધા દુર્જનોને પ્રકાશમાં લાવનાર સ્વછંદી એટલે કે જેને કારણે દુષ્ટ લક્ષણોવાળા તમામ દુર્જનોનો પરિચય મળી જાય અર્થાત તમામ દુષ્ટ દુર્ગુણો એકમાં જ સમાષ્ટિ હોય એવો દુર્જન - જેણે પુરા-એટલે કે આગળ પહેલાંના સમયમાં કે પૂર્વ જન્મોમાં કરેલાં અધમકાર્યો-પાપાચાર જેવાં અધમ આચરણને જ ભૂલી જનાર, નશીબ કે પૂર્વજન્મોના પુણ્ય બળે મળેલી સંપત્તિ ને જે ભોગવે છે તે, ગુણો નો દ્વેષ કરનાર-અર્થાત દુર્ગુણોને જ પૂજનાર જાતે પણ બધા જ દુર્ગુણોથી ભરપૂર હોય એવો અધમ-નીચ પુરૂષ-નો જે સંગ કરે છે, તેની મૈત્રી કરે તે અથવા આવા માણસની દૃષ્ટિ-અવકૃપામાં આવનાર કોઇ પણ (સજ્જન) રહી નથી શકતો.

કોઇ દુરાચારી-અધમ-કનિષ્ઠ સ્વભાવ ધરાવતો રાજકારણી કે ગુંડાતત્ત્વો સાથે સામેલ ગેંગવાળા, કે વૈરભાવ-દ્વેષ રાખનાર સાથી કાર્યકરની સાથે સંબંધ રાખવો જ નહીં, સદાય એની દૃષ્ટિથી બચતા રહેવું - એમનાં વર્તન કે વાતચીતમાં જરા પણ વાંકુ પડે તો સમજો તમારૂં આવી બન્યું! પછી સુખપૂર્વક રહેવાનું ભૂલી જ જવું.

## સુવિચાર

- જાતજાતના કુવિચાર એ આપણા શાંતિ, સુખ અને વિજયના મહાન શત્રુઓ છે- **ઇરવિન વાલેસ**
- શત્રુતાને કારણે ઉત્પન્ન થતી આગ એક પક્ષને સંપૂર્ણ પણે નષ્ટ કર્યા વિના શાંત થતી નથી **- માનસ સૂત્ર**
- માણસ જેનાથી ડરે છે તેને પ્રેમ કરી શકતો નથી **- સંત રોબીન**
- જે બીજાને જાણે છે તે શિક્ષિત છે પણ જે પોતાને ઓળખે છે તે બુદ્ધિમાન છે- **રમણ મહર્ષિ**
- આપણી અંદરની ગંદકી બહાર ન કાઢીએ, મન નિર્મળ ન કરીએ ત્યાં સુધી કરેલી પ્રાર્થના શબ્દોનો બબડાટ છે **- કલ્પસૂત્ર**
- દુ:ખ, સંકટ આપણી એવી શક્તિઓને બહાર લાવે છે જે સુખના સમયે આપણી ભીતરમાં સુતી હોય છે **- શ્રીરામ શર્મા**

## બોધ કથા

જૂના સમયમાં વાવમાંથી પાણી સીંચતી પનિયારીઓનાં દોરડાં (રાંઢવાં)થી સીસમના લાકડામાં પણ દોરડાંના કાપા પડી જતા. દરરોજ એક જ જગ્યાએ અગરબત્તી કરતા હોઇએ ત્યાં ઉપર કાળું ધાબું થઇ - બીડી- શિગારવાળાના ફેફસાંમાં કાણાં પડે જ છે. કહેવત છે ને ટીપે ટીપે સરોવર ભરાય!

કોઇ પ્રસંગે બીરબલ, આ કહેવત બોલ્યો - 'ટીપે ટીપે સરોવર ભરાય!'

બાદશાહે વાત પકડી લીધી કહ્યું બીરબલ, એક બૂંદ-ટીપાંની કોઇ જ કિંમત નથી - પડ્યું કે ગયું - સૂકાઇ જાય ને નકામું!

બીરબલ કહે - પાણીના એક ટીપામાં પણ અદ્ભૂત તાકાત-શક્તિ છે - હું આપને સાબિત કરી આપીશ.

બાદશાહે કહ્યું, એક સપ્તાહમાં જ સાબિતી આપ!

બીરબલે શંકરનાં મંદિરમાંથી જલાધારી મંગાવી અને એક નક્કર પથ્થર મંગાવ્યો. બાદશાહને કહ્યું આ પથ્થરનું નિરીક્ષણ કરી કહો આમાં ક્યાંક છેદ-કાણું છે?

બાદશાહે પથ્થર જોઇ લીધો.

બીરબલે જલાધારીમાંથી ટીપું-ટીપું પાણી પડે એ રીતે પથ્થર તેના નીચે મૂકાવ્યો - સતત ચોવીસ કલાક પાણી પડે એવી વ્યવસ્થા ગોઠવી.

બરાબર દસ દિવસે બાદશાહને એ સ્થળે લઇ જઇ પથ્થર બતાવ્યો, જ્યાં ટીપું ટીપું પડતું હતું ત્યાં 'ખાડો' થઇ ગયો હતો. બાદશાહે કાન પકડ્યો.

સારી ટેવ, સાતત્યનો સાદો નિયમ, નિયમિતતા ટીપાંની જેમ સફળતા અપાવે જ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# રાતના લગભગ બે વાગે કુસુમને બહુ તરસ લાગી, તેણે માટલામાંથી બે ગ્લાસ પાણી પીધું, અચાનક એકદમ ગરમીમાં પણ તેના શરીરમાં ધ્રુજારી વ્યાપી ગઈ, તે એ વાતે કંપી ગઈ કે કાલે આ ફલેટમાં તે એકલી જ હશે...

## નવાં ક્લેવર

- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

કનુભાઇ માટે આ બીજી મુસીબત હતી. શહેરમાં ચાલતાં તોફાનો, બધાં અજાણ્યાં. તેમાં કુસુમબેનને કોને ભરોસે મુકી ને કનુભાઇ સુરત જાય. વળી સુરત જવાનું ટાળી શકાય તેમ ન હતું. અચાનક કનુભાઇને તેમની ફેક્ટરીમાં સાથે કામ કરતો મયંક યાદ આવ્યો. ડુબતો માણસ તરણાંનો સહારો શોધે છે. મયંક ઘણી વાર કનુભાઇને ત્યાં ચ્હા પીવા આવી ગયેલો. તેણે વાત વાતમાં પેઇંગ ગેસ્ટ તરીકે રહેવાની ઇચ્છા પણ વ્યક્ત કરી હતી. પણ કુસુમબેના વિરોધને કારણે કનુભાઇએ એ વાતને ટાળતા હતા. કુસુમની વાત પણ સાચી હતી. કુંવારો જુવાન છોકરો. તેના કુટુંબ કે સંસ્કારો બાબતમાં કંઇ જાણ ન હોય એવામાં તો મુસીબત ને આમંત્રણ આપવા જેવું જ હતું.

કનુભાઇએ સાંજ સુધીમાં સુરત પહોંચવાનું આશ્વાસન આપી પોલીસોને વિદાય કર્યા. તે સીધા જ મયંક જ્યાં એક ફેરિયાની સાથે ખોલીમાં રહેતો હતો ત્યાં પહોંચ્યો. તોફાનોને કારણે મયંક ખોલી પર જ મળી ગયો. તેણે મયંકને આખી વાત સમજાવી. અને એવું નક્કી થયું કે જ્યાં સુધી કનુભાઇ સુરતથી પાછા ન આવે ત્યાં સુધી મયંક તેમના ઘરે રહેવું.

કનુભાઇ દસ વાગે જનતા એક્સપ્રેસમાં સુરત જવા રવાના થઇ ગયા. જતા જતા એ મયંકને કુસુમબેન અને કૃણાલનું ધ્યાન રાખવાની ભલામણ કરતા ગયા.

દિવસ આખો આગચંપી, લૂટફાટ અને મારધાડ એમ જ ચાલતી રહી. વહેલી સવારે લગભગ ચાર વાગે કનુભાઇ સુરતથી તેના ભાઇની અંતિમ ક્રિયા પતાવીને પાછા આવ્યા ત્યારે કુસુમબેને બારણું ખોલ્યું. કનુભાઇ તેની સાથે ચુપચાપ બેડરમમાં આવી ગયા. મયંક બહારના ઓરડામાં સુતો હતો.

કનુભાઇનું માથું સખત દુઃખતું હતું. આખો દિવસ ખુબ જ દોડધામ થઇ હતી. પોલીસના ગુંચવી નાખે તેવા સવાલ જવાબો, તેણે બે-ચાર પરિચિત લોકોને આમતેમથી બોલાવી જેમતેમ સાહસ એકઠું કરી ભાઇની ચિતાની મુખાગ્નિ આપ્યો. કુસુમબેનની સામે આવતાં જ તેના ધૈર્યનો બંધ તૂટી ગયો.

મનનું સઘળું દુઃખ આંખ વાટે વહેવા લાગ્યું. તેના કરૂણ રૂદનના હિબકાંઓથી મયંકની ઊંઘ ઉડી ગઇ હતી. તેણે ઉભા થઇને કનુભાઇ અને કુસુમબેનને સાંત્વના આપી.

શહેરમાં બેકાબુ બનતાં તોફાનોને નાથવા તંત્ર હવે સાબદું બન્યું હતું. સવારે કનુભાઇ કુસુમ અને મયંક ચ્હા પીતાં હતા ત્યારે રસ્તા પર માઇકથી જાહેરાત થતી હતી. શહેરમાં તાત્કાલિક અસરથી કરફ્યુ લગાવી દેવામાં આવ્યો. જોતજોતામાં આખા શહેરમાં મિલિટરીની પ્લુટાનો એ માર્ચ શરૂ કરી દીધી હતી. જ્યાં જુઓ ત્યાં મિલિટરીના જવાનોની ભરેલી ટ્રકો એક... બે... ત્રણ... ચાર... એ રીતે બરાબર સાત દિવસ વિતી ગયા. પણ કરફ્યુ હજુ હટાવવામાં આવ્યો ન હતો. સાત દિવસથી લોકો ઘરમાં પુરાઇ રહેવાથી અનાજ, શાકભાજી, દૂધ, ચ્હા વગર તલસતા હતા. એમાં મયંકને ત્યાંથી જવાનો પ્રશ્ન જ ઉભો થતો ન હતો.

સ્થિતિ કાબુમાં આવી જતાં છેવટે તંત્ર દ્વારા આઠમે દિવસે કરફ્યુમાં બે કલાકની છૂટ આપવામાં આવી. લોકો જીવન જરૂરી ચીજો માટે ઝૂડના ઝૂડ ઘરની બહાર નીકળ્યાં હતા. જે દુકાનો, ખુલી હતી તેમાં લોકોની ભીડ એવી હતી કે ચ્હા, સાબુ વિગેરે માટે મોટી લાઇનો લાગી હતી. કનુભાઇ જરૂરી સામાન લઇ ઘરે આવ્યા. કુસુમને ચીજ વસ્તુઓ આપીને તૈયાર થઇ ફેક્ટરીએ પહોંચ્યા. ફેક્ટરી ઘણા દિવસ પછી ખુલી હતી. પણ સૌ કોઇને પોતાના ઘેર જવાની ઉતાવળ હતી. તેથી કામમાં કોઇનું મન ચોટતું ન હતું.

સાંજે કનુભાઇ સમયસર ઘેર આવ્યા. કૃણાલ તે વખતે સૂતો હતો. કુસુમબેન નીચે મકાન માલિકને ત્યાં ગયા હતા. થોડી જ વારમાં કુસુમબેને આવી કનુભાઇને માટે ચ્હા બનાવી. ચ્હા પીતાં પીતાં કનુભાઇએ કહ્યું કે કાલથી ફેક્ટરીમાં મારી નાઇટ ડ્યુટી લાગી છે. બે મહિના નાઇટમાં જવું પડશે. આ સાંભળી કુસુમ ઉદાસ થઇ ગઇ. તેને ચિંતા થઇ પણ એ વખતે કૃણાલ જાગી ગયો તેથી એ તેને સાચવવામાં લાગી. તેથી બંને વચ્ચે ખાસ વાતચીત થઇ ન શકી. કૃણાલને છાનો રાખવા કનુભાઇ તેને ધાબે લઇ ગયા. કુસુમ રસોઇના કામે લાગી ગઇ.

રાતે કનુભાઇ સારી રીતે જમી પણ ન શક્યા. તેમણે ચિંતા સતાવતી હતી. એવું નહોતું કે કુસુમને એ ચિંતાની જાણ ન હોય પણ તાત્કાલિક તેનું કોઇ સમાધાન સૂઝતું ન હતું. જમતાં જમતાં કનુભાઇએ મૌન તોડ્યું.

'બે મહિના સુધી તને અને કૃણાલને આખી રાત એકલા મુકીને કઇ રીતે હું જઇ શકીશ? કંઇ સમજ પડતી નથી.'

'તો શું ડ્યુટી બદલી ન શકાય?' કુસુમે પૂછ્યું.

'એ શક્ય નથી. મેં તે માટે ક્યારનો પ્રયત્ન કરી જોયો. ફેક્ટરીના નિયમો અનુસાર ટેકનિકલ સ્ટાફના દરેક વ્યક્તિને દર ત્રણ મહિના બાદ બે મહિના નાઇટ ડ્યુટી કરવાની હોય છે.'

'તો પછી તમે કંઇક ઉપાય વિચારો. આ વાત તમને અહીં આવ્યા પહેલાં ખબર નહોતી.'

'ખબર તો હતી, પણ નાઇટ ડ્યુટી માટે થઇને નોકરી તો છોડી શકાય નહીં ને.'

'એ તો છે.'

'મને તો એમ લાગે છે કે એક વસ્તુ થઇ શકે.'

'શું' કુસુમે ઉત્સુકતાથી પૂછ્યું.

'મયંકને આપણે પેઇંગ ગેસ્ટ તરીકે રાખી લઇએ.'

કનુભાઇએ તાત્કાલિક જે વાત કરી તેમાં કુસુમબેન ન તો હા કહી શક્યા કે ન ના. તે ચુપચાપ ઉભા થઇ જમવાનાં એંઠા વાસણો ઉપાડવા લાગ્યાં. ટુવાલથી હાથ લૂંછી ચૂપચાપ આવી કનુભાઇએ ટી.વી. ઓન કર્યું. તે દિવસે 'કિસ્સા શાંતિ કા' સિરિયલ આવતી હતી. સિરિયલમાં ગિરજા શંકર, અર્ચના જોગલેકર સાથે છેડછાડ કરે છે એ વાત કનુભાઇને જરા પણ ન ગમી.

થોડીવાર પછી કનુભાઇ પથારીમાં પડ્યા પડ્યા આંખ બંધ કરી સુવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પણ નીંદર આવતી ન હતી. રહી રહીને તેમના મગજમાં એજ વિચારો ઘુમરાતા હતા કે કુસુમને રાતની રાતો સુધી ફ્લેટમાં એકલી મુકીને જવું? ના એવું કેમ બને. પણ તો પછી પેઇંગ ગેસ્ટ રાખવો બરાબર છે. એક યુવાન સ્ત્રી અને યુવાન છોકરો. બંધ ફ્લેટ. તે પણ એક બે રાતની વાત નહીં પુરા બે મહિના સુધી. વળી કુસુમ પણ એ માટે સંમત નથી. તે પણ વિચારવા જેવું છે, તો પછી કરવું શું? એ વિચારમાં તેમની આંખ મિંચાઇ ગઇ. કુસુમબેન તો ક્યારનાં સુઇ ગયા હતા. નાનો કૃણાલ બાજુમાં સુતો હતો.

રાતના લગભગ બે વાગે કુસુમને બહુ તરસ લાગી. તેણે માટલામાંથી બે ગ્લાસ પાણી પીધું. અચાનક એક દમ ગરમીમાં પણ તેના શરીરમાં ધ્રુજારી વ્યાપી ગઇ. તે એ વાતે કંપી ગઇ કે કાલે આ ફ્લેટમાં તે એકલી જ હશે. તેની સાથે માત્ર તેનો એક વર્ષનો દીકરો હશે. તેને જો ફ્લેટમાં મુંઝવણ થવા લાગે તો એ ક્યાં જાય? શું થોડા સમય માટે ધાબે જવાય? આ વિચાર આવતાં અજ્ઞાત ભયથી તેના રૂંવાડાં ઉભા થઇ ગયા. તે ઝટ દઇને ગ્લાસ માટલા ઉપર મુકી. પથારીમાં સુતેલા કનુભાઇને જોરથી વળગી પડી. કનુભાઇએ પણ તેને બાથમાં લઇ ગાઢ આલિંગન આપ્યું.

'શું બધું ઊંઘ આવે છે?' કુસુમે કનુભાઇને કહ્યું.

'કેમ, ચ્હા નો ટાઇમ થઇ ગયો.'

'ના રે, હજુ તો રાતના બે વાગે છે.'

'તો પછી શું? આ તો ઉંઘવાનો ટાઇમ છે તને ઉંઘ નથી આવતી.'

'ના, નથી આવતી તેથી જ જાગું છું ને.'

'કેમ? જરા કોશિષ કર.'

'પેલા,પેઇંગ ગેસ્ટ રાખવા બાબતે તમે શું નક્કી કર્યું?'

ક્યાંય સુધી કનુભાઇ કંઇ બોલ્યા નહીં. પછી કુસુમને બાથભરીને જકડી લીધી અને ગાઢ આલિંગન દેતાં કહ્યું.

'કાલે સવારે મયંકને કહી દઇશ.'

**(સમાપ્ત)**

- vanvihari@gmail.com

# સરોગેટ મધર...!! રેડિમેડ બાળકો મેળવવાનું શોપિંગ મોલ...!!

### કહે છે ત્યાં તેની કૂખ ફરકી રહી છે, નવાં બાળકનાં અણસારમાં આંખ ફરકી રહી છે નવજાત શિશુને આ ફેમિલીમાં અપલોડ કરવા દો, પુત્રને જોઈ મોર્ડન માતા મલકી રહી છે

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

દૂધીનું શાક કર્યા બાદ બાકી વધેલાં બીયામાંથી એક બી અમસ્તાં જ કંપાઉન્ડ વૉલને અડીને રોપેલું. છેલ્લાં બે-ચાર દિવસમાં પડેલાં વરસાદમાં ફળદ્રુપ થયેલી જમીનમાં પેલા બીને અંકુર ફુટયાં છે. બે હાથનો ખોબો કરી પાણીનો જળાભિષેક કરી સંપૂર્ણ સૃષ્ટિનો ધન્યવાદ માની પેલાં પોપટી રંગના કૂણાં અંકુરને જમીનમાંથી બહાર આવતાં જોઈને મન એકદમ ખુશખુશાલ બની ગયું. એમાંથી નીકળનારાં વેલને આધારની વ્યવસ્થા કરતાં, એની કાળજી લેતાં એક અનેરો આનંદ મળ્યો અને મનમાં આવ્યું ય ખરૂં કે કોકની પાસે આંગણુંય ના હોય અને વાવવાં બી પણ ના હોય એનું શું થતું હશે??

શાંતિની પળોમાં છાપાના સમાચારની સાથે જાહેરાતોય વાંચવાનો શોખ છે અને એમાં 'તમારા પોતાનાં આંબાની મીઠી કેરી ઘર બેઠાં મેળવો અને મનભરીને ખાવ' એવાં શિર્ષક હેઠળ એક સ્કિમની જાહેરાત વાંચી. તમારૂં પોતાનું ખેતર કે આંબાવાડીયું ના હોય તો નારાજ થવાની જરૂર નથી. તમે ફક્ત અમારાં સભ્ય બનો, અમે તમને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગોટલી બતાવીશું. એમાંથી તૈયાર થયેલાં આંબાના રોપાને ખાતર-પાણી અમે જ આપીશું. તમારા નામે એ વૃક્ષનું રજીસ્ટ્રેશન થશે. અમે એ છોડવાને મોટું કરીશું, તમારા છોડનો દર મહિને ફોટો ઈમેલ કરીશું...





ઘરે બેઠાં તમારાં પોતાના માલિકીના ઝાડનો આનંદ મેળવો અને વૃક્ષ મોટું થયા બાદ એના પર બેસનારી મીઠી, મધુરી કેરીનો રસ તમને મનભરીને માણો.' એવી લોભામણી જાહેરાતની બાજુમાં જ અત્યારે સરોગસી પર આધારીત એક સંતાનની રાહ જોઈ રહેલા શાહરૂખ-ગૌરીની તસ્વીર સાથેનાં ન્યૂઝ વાંચ્યા... મારા મનમાં અનાયાસે જ દૂધીનો વેલો, કેરીનું ઝાડ અને સરોગસીની તૂલના શરૂ થઈ ગઈ...

સીધું, સાદું, સરળ હવે આજના યુગમાં કશું રહ્યું નથી...

પહેલાં કેવું સ્ત્રી અને પુરૂષનું લગ્ન થતું હતું, સમાજ નાતજાતનાં લાજશરમથી. પછી તેઓ સમાજ માન્ય રીતથી એકસાથે રહેતાં અને સમય જતાં એમને બાળ-બચ્ચાં થતાં અને જિંદગી પાટા પર ચડી જતી. એકાદ બે કિસ્સા એમાંય અવળચંડાઈનાં બનતાં અને આ રીતભાતને ન માનતાં અને એમની ઈચ્છા અનુસાર લગ્ન કરતાં પણ બધું છાનુછપનું થતું અને એટલી એની આડઅસરો સમાજ પર બહુ પડતી નહીં... આવા સમાજ અને ચોખંડામાં જીવેલાં લોકોને ધક્કાદાયક એવો આ આજનો કાળ છે, મોર્ડનના નામે 'ગે' અને 'લેસ્બિયન' માટે મોરચાં કાઢતાં અને સુંદરતા ટકાવી રાખવા, પ્રસુતીની પીડામાંથી મુક્તિ મેળવવાં કોકની કૂખ ભાડે લેતાં 'સરોગેટ મધર'ના કન્સેપ્ટનો કાળ!!

એક કપલનાં બાળકોનો ગર્ભ બીજી સ્ત્રીના પેટમાં ઉછેરવાનું 'સરોગેટ'નું વિજ્ઞાન એટલે એક નવો અધ્યાય. ખરેખર તો આનો ઉપયોગ શરૂ થઈને લગભગ એકાદ દશકો વીતી ગયો છે. આ દરમિયાન આ વિજ્ઞાનમાં ઘણી શોધખોળ થઈ. છોકરા ન થનારાં અથવા તો પોતાના પેટમાં છોકરા ન ઉછેરનારાં વિદેશી કપલને ભારતમાં ભાડેથી ગર્ભાશય મળવા લાગવાનાં સમાચાર શરૂ શરૂમાં આઘાતજનક લાગતા. પણ ધીમે ધીમે આ કૂખ ભાડે રાખવાનો નવો વ્યવસાય બનવાનું ધ્યાને આવ્યું છે. નવાઈની વાત તો એ છે કે આણંદ એ આ ધંધા માટેની વિશ્વની રાજધાની કહેવાય છે.

દૂધની અંદર શ્વેત ક્રાંતિ સર્જવામાં જેમ આણંદે નામ કાઢ્યું છે. એમજ વાંઝિયામ્હેણું ટાળતી સરોગેટ મધર ક્ષેત્રે પણ આણંદ વિશ્વસ્તરે નામાંકીત છે. 'આંકાક્ષા' આઈ.વી.એફ. સેન્ટર ખાતે ડૉ. નયના પટેલના સેન્ટરમાં ૫૦૧મું બાળક સરોગેટ તરીકે જન્મ્યું જે એક અનોખો કિર્તીમાન છે, માત્ર એક જ હોસ્પીટલમાં ૫૦૦ બાળક, બાકીના દવાખાના ગણો એટલે ધ્યાન આવે કે આણંદમાં કેટલી સરોગેટ મધર્સ મળે છે. અથવા આ રેડિમેડ બાળક ઉછેરનું નવું શોપિંગ મોલ છે. એમ જ કહેવાય!!

સામાજિક ક્ષેત્રે જો સરોગેટ બાળક અમારૂં છે એવું નક્કર પણે કહેવાની હિંમત આમીરખાન અને કિરણ રાવ આ સેલિબ્રીટી કપલે કરેલી. અમને બાળકો થવામાં મેડીકલી તકલીફ હોવાથી અમે 'સરોગસી'નો વિકલ્પ સ્વીકાર્યો છે અને એમાંથી અમને પુત્ર જન્મ્યો છે અને અમે એનું નામ આઝાદ રાખ્યું છે એવી રીસસરની જાહેરાત કરીને આમીરે ફિલ્મ લાઈનમાં ઊભી થતી ગોસીપની શક્યતાઓ પર ઠંડુ પાણી ફેરવી દીધેલું!!

હમણાં શાહરૂખ અને ગૌરીનું કપલ આ ચર્ચામાં છે અને કદાચ એટલે જ ઘણાં બધાં લોકોને 'સરોગેટ મધર'ની ખબર પણ પડી હશે. પોતાનાં બે બાળકો હોવા છતાં ત્રીજું બાળક 'સરોગેટ' માતાનાં પેટમાં ઉછરે છે એવી માહિતી શાહરૂખે આપી અને આ વિષય છેડાઈ ગયો. 'સરોગસી' એટલે શું? જેમને બાળકો થવાની તકલીફ નથી એવા યુગલો પણ આ માર્ગે કેમ જાય છે? નવાં જમાનાની મોર્ડન સ્ત્રીઓ મોલમાંથી કંઈક ખરીદી લાવવું એમ જ બીજાનાં ઉદરમાં રેડિમેડ તૈયાર કરી બાળકો ઘેર લાવશે કે શું? એવાં ઘણાં પ્રશ્નોનો ગર્ભ વિકસી રહ્યો છે...

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# અષાઢ સુદ પુનમ એટલે ગુરૂ પુર્ણિમા, ભારતના મહાન ઋષિ વેદવ્યાસનો જન્મ દિવસ, ગુરૂજીના ચરણોમાં શ્રદ્ધા સુમન સમર્પિત કરી ધન્ય થવાનો દિવસ

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

અષાઢ સુદ પુનમ એટલે ગુરૂ પુર્ણિમા. ભારતના મહાન ઋષિ વેદવ્યાસનો જન્મ દિવસ. ગુરૂજીના ચરણોમાં શ્રદ્ધા સુમન સમર્પિત કરી ધન્ય થવાનો દિવસ. 'તમસો મા જયોર્તિગમ્ય'નો જયઘોષ કરી ગુરૂજીનું ઋણ ચુકવવાનો દિવસ. જેમણે શાસ્ત્રનો મર્મ સમજાવ્યો અને સત્યનો સાક્ષાત્કાર કરાવ્યો તેમણે નમસ્કાર કરવાનો દિવસ. માતા પિતાએ જન્મ આપ્યો પણ જીંદગીનો માર્ગ બતાવવા જેણે કક્કો બારાખડીથી જ્ઞાનયાત્રા શરૂ કરાવી એ સાત્ત્વિક પુરૂષની સાધના કરવાનો દિવસ. બહુરત્ના વસુંધરાએ એક એકથી સવાયા ગુરૂવર્યોની ભેટ ધરી છે. આ ગુરૂજનોએ દેશનાં ઇતિહાસને ઉજ્જવળ કર્યો છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસે વિશ્વ વિખ્યાત ધર્મોપદેશક વિવેકાનંદની ભેટ આપી. સ્વામી રામદાસે દેશને છત્રપતિ શિવાજી જેવા નરબંકાની ભેટ આપી. કૃષ્ણ ભગવાન હંમેશા સાંદીપનના શિષ્ય કહેવડાવવામાં ગર્વ અનુભવતા. ભગવાન રામે ગુરૂવર્ય વશિષ્ઠજીનો હંમેશાં આદર કર્યો છે. આ ગુરૂજનોના સ્પર્શ માત્રથી પથ્થર પણ પારસમણિ બની જતા.

વર્તમાન ગુરૂજનોનાં સંદર્ભમાં મહાભારતનો એક પ્રસંગ યાદ કરવો અસ્થાને નહિ ગણાય. મહાભારતના વિરાટ પર્વમાં વિરાટ રાજાને ત્યાં ગુપ્તવેશે રહેલા પાંડવોમાં અર્જુન બૃહન્નલા સ્વરૂપે રાજપુત્રી ઉત્તરાને સંગીત અને નૃત્ય શીખવે છે. ગુપ્તવાસ પુરો થતાં પાંડવો પ્રગટ થયા ત્યારે વિરાટ રાજાએ અર્જુનને પૂછ્યું હતું કે મારી દીકરીનું માગુ આપ સ્વીકારો. ત્યારે અર્જુને આપેલો જવાબ ગુરૂની ગરિમા વધારનારો હતો. ત્યારે અર્જુને કહેલું રાજન ! ઉત્તરા મારી વિદ્યાર્થીની છે કારણ કે મેં તેને સંગીત અને નૃત્ય શીખવાડ્યું છે અને વિદ્યાર્થીની દુહિતા (દીકરી) સમાન હોય છે હું એનું પાણિગ્રહણ ન કરી શકું. આમ કરૂં તો મારો ધર્મ ચુક્યો ગણાઉં... પણ હા, મારી પુત્રવધુ તરીકે તેનો સ્વીકાર કરી શકું. અને ઉત્તરા અર્જુનપુત્ર અભિમન્યુને વરી. અને અર્જુને પિતાતુલ્ય સ્થાન જાળવી રાખ્યું. પંડિત ઓમકારનાથ ઠાકુર હંમેશાં કહેતા કે, "શિક્ષક લંગોટ કા પક્કા હોના ચાહિયે વરના પૈર ફિસલ જાયેગા" ... હવે પ્રાચીન ગુરૂજનોની આવી ગૌરવગાથાઓ સામે વર્તમાન ગુરૂજનોની એક કલંકકથાની તુલના કરી લઇએ...

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના એક તાલુકા પ્લેસની તાજેતરની સત્ય ઘટના છે. પાત્રોનાં નામ કાલ્પનિક છે. એક હાઇસ્કૂલમાં રામસિંહ (કાલ્પનિક નામ) નામે પ્રિન્સિપાલ છે. તેમનો એકનો એક દીકરો વખતસિંહ (નામ કાલ્પનિક) પણ શિક્ષકમાં નોકરી કરે. વખતસિંહનાં લગ્ન થયેલા અને સંતાનમાં એક ફુલ જેવી કોમળ દીકરી પણ હતી. વખતસિંહને નવી નવી નોકરી લાગેલી. તેમનો વખત ઘર કરતાં ઘર બહાર વધુ પસાર થતો. સમય જતાં તેમની જ એક વિદ્યાર્થીની સાથે તેમને લાગણીના સંબંધો બંધાયા અને પછી તો વાત વધી... પ્રેમ પંથ પાવકની જવાળા... આ પંથે જનાર દાઝ્યા વગર રહી શકતો નથી. વખતસિંહને પ્રેમિકાનું સાનિધ્ય વધારે ગમવા લાગ્યું. અને એક દિવસ શિક્ષણને પડતુ મુકી, પત્ની અને બાળકોને રેઢા મુકી વખતસિંહ પ્રેમિકા સાથે રવાના થઇ ગયા. સ્કૂલ અને ગામમાં હાહાકાર થઇ ગયો. ચારેબાજુ શોધખોળ થઇ અને ત્રણેક મહિનામાં સમાજે આ પ્રેમી યુગલને પકડી પાડ્યું. વિદ્યાર્થીની સગીર હતી... પણ વખતસિંહ વજનદાર હોઇ સમાજની પંચાતમાં મામલો સમેટાઇ ગયો. સમાધાન પેટે રૂા. પાંચ લાખમાં સોદો થયો. સૌની ભલામણથી વખતસિંહની નોકરી પણ ચાલુ રહી, હા તેમને દૂરના ગામે બદલી કરી નંખાઇ. કૂતરાની પૂંછડી કદાચ સીધી થઇ જાય પણ એકવાર લોહી ચાખી ગયેલા ચારિત્ર્ય ભ્રષ્ટ માનવીને સન્માર્ગે વાળવો મુશ્કેલ છે. થોડા જ સમય બાદ વખતસિંહે પ્રેમલીલાનો બીજો અધ્યાય શરૂ કર્યો. સ્કૂલની એક બીજી વિદ્યાર્થીનીને પોતાની માયાજાળમાં ફસાવી અને તેને લઇને પણ ભાગ્યા... ફરી પાછો ચણભણાટ શરૂ... પણ જેણે શિક્ષણના માધ્યમથી સમાજનું ઘડતર કરવાનું હતું તેને સમાજની ચિંતા ન હતી. આમેય વાસના ભૂખ્યા વરૂઓ સમાજથી ક્યાં ડરતા હોય છે? ચારિત્ર્ય અને સંસ્કાર તેમના માટે દુર્ગુણો હોય છે. ફરી પાછો સમાજ ભેગો થયો. ફરી સમાધાન, અને ૪ લાખમાં સોદો પાક્કો. વખતસિંહનો ઘોડો છૂટ્ટો. પણ આ વખતે તેમની પત્ની મક્કમ બની અને તેણે નિશ્ચય કર્યો કે આવા ચારિત્ર્યહીન નિર્લજ માનવીનો હું પતિ તરીકે સ્વીકાર કરી શકું નહીં. વખતસિંહના માતા પિતાએ પણ દીકરાનો ત્યાગ કર્યો... પણ નોકરી ચાલુ છે...

શિક્ષણ જગતની આબરૂના લીલા ઉડાડતો એક બીજો કિસ્સો... જામજોધપુરનો એક વિદ્યાર્થી નામે અમિત પંડ્યાને એમ.એ. પાર્ટ-૧માં એક પેપરમાં ૪૦ માર્ક્સ આવ્યા. તેને પાસ જાહેર કરાયો. પણ તેએ યુનિ. ના નિયાયકને ફરિયાદ કરી કે હું પાસ કેવી રીતે થયો? મેં પરિક્ષામાં ૪૦ માર્ક્સના જ જવાબો લખ્યા હતા. તે પણ બિલકુલ ખોટા જેમાં બુદ્ધ, કૃષ્ણ, રજનીશની ફિલસુફી જ લખેલી, ક્યોંકિ સાસ ભી કભી બહુથી સ્ટોરી લખેલી. છતાં ૪૦ માર્ક્સ કેવી રીતે મળ્યા? આમ કરી તેણે શિક્ષણ જગતને બેનકાબ કરેલું... વિદ્યાર્થીઓ કોની ગુરૂવંદના કરશે?

સૌરાષ્ટ્ર યુનિ.માં બી.એડ્.ના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીને ઘેરાવ કરી પોતાના પેપરનું રીએસેસમેન્ટ કરાવવાની ફરજ પાડી અને અંતે ૨૦૦૦ (બે હજાર) વિદ્યાર્થીઓનાં પરિણામમાં સુધારો થયો. શિક્ષણમંત્રીએ ત્યારે ટકોર કરેલી કે હવે હવે પેપરો 'જોવા'માં આવે છે પહેલાં 'તપાસવા'માં આવતા હતા. આ પરિસ્થિતિમાં એવી અપેક્ષા રાખવામાં આવે કે વિદ્યાર્થીઓ ગુરૂજનોની મર્યાદા રાખતા નથી... વિદ્યાર્થીઓ કોની મર્યાદા રાખે?

શિષ્યો ગુરૂવંદના કરવા આતુર છે તેમને પણ મા સરસ્વતીની આરાધના કરી આશીર્વાદ મેળવવા છે. પણ જાળવા મળ્યું છે કે હવે તો શિક્ષણધામોમાં મા સરસ્વતીના સ્થાને લક્ષ્મીદેવીની પૂજા થાય છે. આજનો એકલવ્ય જમણા હાથના અંગૂઠાની દક્ષિણા આપવા ગુરૂ દ્રોણની તલાશ કરે છે પણ દ્રોણનો ક્યાંક પત્તો નથી. ગુરૂ વશિષ્ઠને ભગવાન રામની જેમ કોઇને ધનુર્વિદ્યામાં પારંગત કરવા છે પણ રામને સીતાની તલાશમાંથી નવરાશ જ નથી. સર્વત્ર અજંપો, છે, સર્વત્ર બેચેની છે, ઉકળાટ છે, બળાપો છે (વાલીઓની વેદનાને કોઇ ગણતું નથી) માટે જ પર્વોની મહત્તા ઘટતી જાય છે આપણેય ગુરૂવંદના કરવી છે. ગુરૂનો મહિમા ગાવો છે. પણ ગુર વશિષ્ઠ, ગુરૂ રામદાસ, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, ગુર સાંદિપની... જેવા ગુરૂ ક્યાં...?